જેહાંગીર કરાણીની ગુજરાતી પુસ્તકમાળા.

જેહાંગીર કરાણીનો વાર્તા સંગ્રહ - વાર્તા પેહલી.

ઊનાહ

અથવા

પાપીનું પગલું.

વર્ડ.

પ્રેસમાં છાપ્યું તથા બાંધ્યું છે.

જેહાગીર કરાણીનો વાર્તા સંગ્રહ—વાર્તા પેહલી.

ઊનાહ
અથવા
પાપીનું પગલું.

અંગ્રેજી ઉપરથી તરજુમો કરનાર
ગુલફામ.

કોટ
પારસીબજાર સ્ટ્રીટ
મુંબાઈ

રાણીના "સ્ટેનડર્ડ પ્રીંટીંગ પ્રેસ"માં છાપી છે.
૧૮ પારસી બજાર સ્ટ્રીટ, કોટ, મુંબઇ.

ન આના આઠ.

સાંકળીયું.

કમનસીબ દાસીને માફ કરજો. અરે તમુને હું આટલી ચાહું છું ને મારાથીજ તમો જંજાલમાં આવી પડયાં છો. હા, હું કસમ ખાઇને કહું છું કે આ દુન્યામાં બસ તમુનેજ માત્ર તમનેજ હું ચાહું છું. અને તમનેજ અંતરાથી—મારાથી——" આંસુ અને દચકીએ તેને વધારે બોલતાં અટકાવી.

પેલી જવાન છોડી તેની તરફ ટીકતી દલગીર જેવી ઉભી રહી. તેણીના ગમનું કારણ તે હજી જાણતી હતી નહીં. તોપણ તે નવી આફતની ચેતવણી ધારી ખરેખર ગમગીન બની ગઇ.

"**એલેની**" તે અંતે બોલી "મને કહે તો ખરી કે શું છે? હું જાણું છું ને મારી પુરી ખાતરી છે કે તું મારૂં કાંઇબી જાણી જોઇને ખોટું નહીં કરે, તારો કાંઇબી વાંક થયો હશે, તારી કાંઈબી ભુલ થઇ હશે, તે હું માફ કરશ પછી તે ગમે તેવી હશે. મારા સમ મને કહે!"

તેણીએ ફરી તેનો હાથ પોતાના હાથમાં લીધો અને ઘણી પટાવા લાગી. પેલી ફ્રેન્ચ સ્ત્રીએ હવે સ્ત્રી ચરીત્ર બતાવા માંડયાં તે દચકાં ખાતી ખાતી અંતે દબાઇ ગઇ હોય તેમ પડી.

ઉનાહે દોડતી જઇ કોલાંવાતર લાવી તેને સુંઘાડયું. જરા ચાવન્યા પર લગાડયું અને હુશીઆર કરવાના તરેહવાર ઉપાયો કીધા ત્યારે આ ફેલખોરી શીતુરબાજ સ્ત્રી હુશીયાર થઇ. હુશીયાર થતાંજ જાણે એકાએક કાંઇ વાત યાદ આવી હોય તેમ તે ભડકી ઉઠી ઉભી થઇ.

"અરે **ઉનાહ, ઉનાહ** હું શું કરૂં? જ્યારે હું હીંયા મારી બેવકુફી અને બેદરકારપણા પર ગમ કરતી બેઠી છું ત્યારે પેલી તરફ તે બચારો તે મારી બેવકુફીથી થયલા કામનું પરીણામ ભોગવતો હશે. મને સમજ પડતી નથી કે ક્યાં જાવું, કયો રસ્તો લેવું? તમો મને ધીકારશો, મારી પર ધીતકાર નાખશો પણ તોબી હું સોગંદ ખાઇને કહું છું કે એ મેં કીધું તે માત્ર તમારે માટે હું મગરૂર હતી તેથીજ હું મારી પીત્રાઇને ઘરે ગઇ ત્યાં બીજાઓબી બેઠેલાં હતાં ત્યાં તમારે માટે કાંઇ વાત નીકળી કોઇએ મને પુછયું કે તમે કોણ હતાં? મેં જવાબ દીધો કે 'એક અમેરીકન મારી બાઇ તો છે પણ તેવનનો આશક તો એક **પાલીશ** અમીર છે.'

મારી પીત્રાઇએ પુછયું "તેવનનું નામ શું? **ઉનાહ મરફીના** જેવુંજ મીઠું નામ હોવું જોઇએ. બોલોની તે અમીરનું નામ શું?'

નામ દેવામાં મેં કાંઇ ખોટું જોયું નહીં તેથી મેં નીરદોશપણે જવાબ દીધો કે '**પૉલ.**'

'પૉલ કેવો? તેની ઓલખ શું?' તેને પાછું પુછયું.

'બીજુ નામ તુંને યાદ નહીં રહેશે' મેં કહ્યું 'તે **સ્ટેનઝકી** છે.'

"બસ આટલી વાત થઇ કે—અરે કેવું પરીણામ! કોણે ધાર્યું હતું? અફસોસ" પેલી ફ્રેન્ચ સ્ત્રીએ પાત્તાં ગોઠવવા માંડયાં.

"પણ તેથી થયું શું?" **ઉનાહે** ઉતાવલમાં પુછયું "મને કાંઇ સમજ પડતી નથી, મને જણાવો જલદી જણાવો."

"અરે મારી પ્યારી શેઠાણી જરા બેસીને સાંભલો કે મારી લપ-લપી જીભે શું મહોકાન વાલી છે. આ વાત ત્યાં બેઠેલા કોઇ **રશીઅન** જાસુસે સાંભલી અને તેને ફ્રેન્ચ સરકારને અરજ કીધી કે તેને—તારા આશકને—ગરીબ પૉલને—એકદમ તેમના સ્વાધીનમાં આપી દેવો. હમણાં ગોઠવણ ચાલી રહી છે અને કાલ સહવારના બડી બામદાદે તે લુચ્ચા જાસુ-સોને તેમને માગેલી રજા મલશે કે બચારો **પૉલ** કેદી થશે. અરે જો હું એ **પૉલ**ની જગાએ હોતું તો હું તો ખુશી થાતું કારણકે હું તો ઘરડી છું. થોડા વરસ કે થોડા મહીના હું **સઇબીરીઆ**ના ઉજડ વનમાં દેશ વટો ભોગવી માર્ગ લાગી જાતું. પણ **પૉલ** તો બાપડો જવાન છે. અને વલી તેની જીંદગી તમારા પ્યારથી અમુલ્ય થઇ પડી છે. તે બેહેસ્તના દરવાજા પર છે કે દોજખમાં ખેંચી જવાને દૈતો દોડ દોડ કરે છે? અને આ નાસીપાસી અને આફત કોણથી? મારાથી! ઓ કેવી કમનસીબ બેઅકલી મુર્ખી."

"**મેલેની**" **ઉનાહ** ધીમેથી પણ ઉતાવલમાં બોલી "તું ધારેછે તેટલું ખોટું નહીં હશે. કદાચ હજી ઉપાય હશે. હજીતો આંખો દહાડો હાથમાં છે તેટલાં એ હીયાંથી નહાસતો કાંય નહીં? પાછો અમેરીકા કાંય નથી જતો? ત્યાં એ સહી સલામત છે. અથવા તો ઈંગ્લાંડ જાયતો સારૂં. ત્યાં શું તેઓ જઇ શકશે? ઓ **મેલેની** જ્યારે તે બચારો **પૉલ** આવી ધાસ્તીમાં છે ત્યારે આપણે આ પ્રમાણે ગમ જારી કરી બેસી રહયે એ સારૂં નહીં. તું તેની આગલ જા, તેને મદદ કર, તુંને તો એવી બાબદોની માહીતી છે. મારી ખાતરી છે કે તું કાંઇ તેને મદદ કરશે, કાંઇ ઉપાય સુચવશે."

"અરે હું ત્યાંજ ગઇતી રે" પેલી ઢોંગી સ્ત્રી બોલી "હું તેનેજ હમણાં મલી આવી. મેં તેને ઘણો સમજાવ્યો, ઘણી રીતે કહ્યું પણ તે તો તમને હીયાં મુકીને જવાને બસ નાજ પાડે છે. તે કહે છે જો જરા તમો આવીને મારા દીલની વાત સાંભલી જાવો. તે હોટેલમાંથી બહાર નીકલવાને હીંમત કરતો નથી. કદાચ મોહલામાં તેને કોઇ પકડે

ત્યારે? કદાચ પેલા પ્રધાનોએ હમણાંજ કાંઇ હુકમ મેલવ્યો હોય તો?"

આ છેલ્લા બોલ તે બોલે તેની આગમચ તો પૅાલને (મોરનને) જઇ મળવા માટે **ઉનાહે** તૈયારી કીધી. એક રૂંવાનો કાલો મોટો સાલ્લો જે એક ખુરશીના હાથ પર પડેલો હતો તે અને એક ટોપી પેહેડી લઇ તે બોલી "ચાલ, ચાલ, **મેલેની** આપણે જઇએ. એક પલબી ખોહવી ન જોઇએ. હજી વખત છે આપણે એને બચાવી શકશું"

પણ તેઓ બારણું ઉઘાડી બહાર પડે તેની અગાઉ એક નોકરે બારણું ઉઘાડયું અને બોલ્યો. "**મોન્શીઓર સ્ટેનઝકી**"

મોન્શીઓર સ્ટેનઝકી ઓરડામાં દાખલ થયો.

આ ખરો **કાઉન્ટ પૅાલ સ્ટેનઝકી** હતો. તે હમણાંજ અમેરીકાથી આવેલી સ્ટીમરપરથી ઉતરી આવ્યો હતો તે બારણામાં એક પળ ઉભો. **ઉનાહ** કુદકો મારી તેની તરફ દોડી ગઇ. **પૅાલે** પોતાના હાથ લાંબા કીધા અને બંધે એકેકને ભેટયાં.

આ પરોણાના પેહેલાજ દેખાવથી **મેલેની** ભડકી. એક પળ તે ધભરાયલી બંન્નેને જોતી ઉભી. ખરી બીના શું હતી તે તેને પારખી અને પછી ઓરડામાંથી બહાર પડી. તે નાસીપાસી સાથે કપાલપર હાથ મારી બોલી "થઇ ચુકું, સંધું ઉંધું વલ્યું."

ઉનાહ પૅાલની છાતીપર માથું મુકી થોડોવાર દમ ખાઇ અંતે માથું ઉચકી તેની તરફ જોઇને બોલી "ઓ **પૅાલ**, મારા પ્યારા **પૅાલ!** હમણાં હું તને ચાહું છું, ખરેખર ચાહું છું. આ પ્રમાણે મેં તને કોઇ દહાડે ચાહ્યો હતો નહીં. અને જ્યારે આટલા જુસ્સાથી ખરા પ્યારથી તને હું ચાહતા શીખી ત્યારેજ તું મને છોડી જાય છે."

"છોડી જાવુંચ? હું તને છોડી જાવુંચ?" તે મીઠા મર્દાની નર્મ અવાજમાં બોલ્યો "એ તું શું કહે છે? શું બકે છે? અરે બાનું મને કાંઇ ખબર નથી. તમો ભુલોછો. હું સંધી બાબદથી અજાણોછું. તમારી ખોલ કરવામાં મેં એક પળ પણ ખોહી નથી. પ્યારે મને રસ્તો બતાવ્યો અને મહોબત મને લાં લઇ આવી. તમારો ચેહેરો મારા અંતઃકરણમાંથી એક પળ પણ ભુસરાયો હતો નહીં. તેં મને એવી રીતે આવકાર દીધો કે મારી ઉમેદ પુરી પડશે એમ મને આશા આવી અને હવે છુટા પડવાની શું વાત કરે છે?"

ઉનાહ આસ્તેથી તેનાથી છુટી પડી અને જરા દુર જઇ તેના ચેહેરા પર પ્યાર ભરી આંખથી ટીકીને બોલી "મને **મેલેની**એ સંધી

વાત—તારી ધાસ્તી ભરી સ્થીતીની વાત કહી છે. તારા નાહાસવાની અગત મને જણાવી છે. હવે મારા પ્યારા વ્હાલા મીત્ર મને ઠગવાની વાત ના કર. હું બધું જાણુંછું. હું સંધું જોવુંછું. તારી ધાસ્તી ભરી હાલત મારાથી છુપાવાને તું કોશેશ કરે છે. પણ ઓ મારા વ્હાલા જાન હું તારા દુઃખમાં ભાગયન થવશ અને તારી સાથે દુન્યાના સર્વથી દુરના ખુનામાં આવી રહેવશ. આપણે સાથે નાહસીએ **પૉલ!** એક મીનીટ અગાઉતો મારો એજ ઠેડાવ હતો કે તને એખલાનેજ નહસાડવો પણ તું આયો કે બસ મારો અસલનો પ્યાર જે આટલો વખત સુધી મંડ હતો તે ઉભરી આવ્યો. હું તારી સાથે આવશ, તને વલગી રહેવશ, તને કદી છોડું નહીં."

છેલા બોલો બોલતાં **ઉનાહ** લઠડવા લાગી કારણકે તેણીએ હવેજ બરાબર ટીકીને **પૉલ**નો ચેહેરો જોયો. તે જરા પાછલ હઠી. તેના ચેહેરામાં ધાસ્તી અને અજાયબી પ્રગટ દેખાવા લાગી. તેણીની સાંમે ખરી મરદાઇ ખુબસુરતીમાં આ કોણ ઉભું હતું? જેને તે પોતાની મરજી ઉપરાંત પરણનાર હતી. તેજ આ કે? જેને તે જોઇને હંમેશાં દલગીર થતી તેજ આ શખસ કે? હંમેશાં જે અકારો હતો તેજ આજે અત્યંત અંત વ્હાલો લાગે છે કે? તે ઓચંબામાં પડી કે આ મરદ તેણીની જીંદગી કરતાં વ્હાલો આજે કેમ ફેરવાઇ ગયો?

તેની બારણા તરફ દોડી અને પરદો ઊંચકી બારણું અલગું કરી બોલી "**મેલેની, મેલેની,** જલદી આવતો."

હવે **પૉલ**માં ફેરફાર થયો, તેનો ચેહેરો ફીકો થઇ ગયો, અને પોતાનું મોહડું ઢાંકી એક ખુરસીપર બેસી જઇ બોલ્યો "બ્રેલી મારી પ્રીય પુતલી દેવાની થઇ ગઇ. ઓ ખુદા હું એ કેમ ખમું?"

પણ તેટલાં એક બીજા દાસી ઓરડામાં દાખલ થઇ અને **ઉનાહ** આગલ આવીને બોલી "બાઇ, **મેલેની** તો બહાર ગયાં છે. શું તમને કહીને નહીં ગયાં?"

"બહાર ગઇ?" **ઉનાહે** અજાયબીથી પુછયું "કયાં ગઇ?"

"તે તો કોણ જાણે?" પેલી દાસી બોલી "ગઇ રાતે તેવને જે પોતાનો સરસામન તૈયાર કીધો હતો તે સંધો મજુરો પાસે ઉંચકાવીને જતાં રહ્યાં છે."

ઉનાહે તે દાસીને જવા કહ્યું અને પછી પાછી પેલા પરોણા તરફ ફરી. **પૉલે** તેણીનો હાથલીધો અને એક ખુરસી પર બેસાડી પોતે તેની પાસે બેઠો અને બોલ્યો "બાઇ આપણે બંધે કાંઇ મોટી ભુલ કરીએ

છીએ. તમો કોણથી છુટાં પડવાનો વીચાર કરોછો તે બરાબર સમજાવીને કહેશો તો બધું ખુલું થઇ જશે અને આ અગવડ ભરેલા ભરમનો પદડો ખુલશે. તમો મારે માટે તો બોલતાં હોવજ નહીં કારણ કે હું તો હમણાંજ આવ્યો છું."

"હમણાજ આવ્યા? ક્યાંથી?"

"અમેરીકાથી."

"અમેરીકાથી!" ઉનાહ પોતાની ખુરસી પરથી કુદી ઉઠીને બોલી.

"હા બાઇ. અમેરીકાથી."

"ક્યારે? મને બરાબર સમજાવીને કહો."

"હું એમ કહેવા માંગુંછું કે હું આજે સહવારે આઠ વાગે અમેરીકાથી આ શેહેરમાં આવી પુગોછું. હું પેહલે આગગાડીના સ્ટેશન પરથી બાહરો બહાર અત્રે આવ્યો હતો પણ મને તમારી આગલ આવવાને ના પાડવામાં આવી. મેં કારણ પુછયું ત્યારે જણાવ્યું ને મેલેની નામની તમારી કોઇ દાસીએ હુકમ આપ્યો હતો કે મને તમારી હજુર દાખલ કરવો નહીં. હું એક હોટેલમાં જઇને ઉતર્યો, ત્યાં કપડાં બદલીને પાછો આવ્યો. ફરી મને તેજ જવાબ મલ્યો. આ ઉપરથી મેં આ મેલેનીને મલવા માંગ્યું પણ મેલેનીતો બહાર ગયલી હતી. હું પાછો ફર્યો અને થોડા વખતમાં પાછો આવ્યો. પાછો તેજ જવાબ. પણ આ વેલાએ મેં તમને મલવાનો ઠરાવ કીધો હતો. મેં દરબાનને લાલચ દેખાડી ત્યારે તે જરા પીગલ્યો અને તેને પોતાની બાયડીને કહ્યું "પણ મોનશીઓર બાઇ આગલ જાય તો તેમાં ખોટું શું? બાઇના એવન ધણી થવાનાજ છે તો પછી મેલેની શા માટે એમ વચમાં પડયા કરતી હશે." તેની બાયડીએ તેના હાથમાં ચલકતું સોનું જોયું તેથી તે બોલી "તું તારે એવનને બાઇ આગલ લઇ જા" મને તે પછી તમારી આગલ લાવ્યો પણ તેમની વાત પરથી મને જરા ભેદ જેવું લાગું હતું. અને હમણાની તમારી ચાલપરથી મારી પકી ખાતરી થઇ છે કે કાંઇબી ભરમ જેવું છે. ખરેખર કાંઇ ઉંડો ભેદ આ બાબદમાં હોવો જોઇએ." પૉલ આટલું બોલી ચુપ થયો.

"તમારે માટે મને બરાબર સમજાવો." ઉનાહને થોડી ઘણી સમજ પડી તોપણ સર્વે હકીકત જાણવાને તે આતુરમંદ હતી.

"અફસોસ બાઇ મારે વધારે તમને કાંઇ નથી કહેવું હું મારા પુરાના મીત્ર જડજ તે તમારા વાલીને મલવા ગયો ત્યાં મેં સાંભલ્યું કે તમોએ મારે માટે ઘણી કાલજી રાખી હતી. મને આ વાત સાંભલી

ઘણું લાગું. મને તમારી હકીકત સાંભલી ઘણી આશા આવી. તમારા વાલી સાથે વાત થયા પછી બીજીજ પલે હું સ્ટીમરની પાસીજ કરાવા દોડયો પણ મને મારા એક બીજા મીત્રે બેહોશ કરીને થોભાવ્યો."

"હા હા ખરી વાત" **ઉનાહ** બોલી "તમુને **જોએ** અટકાવ્યા. અરર હવે હું જોવું છું કે મારી સાંમે કાંઇ ભયંકાર કાવત્રું રચાયું હતું. પણ તમુને કાંઇ ખબર છે——" તેનો હાથ પોતાના હાથમાં પકડી **ઉનાહે** પુછયું. "કોઇ એવો ધણી તમે જોયો છે કે આબેહુબ તમારાજ જેવો, ચેહેરામાં, બોલવામાં, ચાલવામાં અને રીતભાતમાં હુબહુ તમે!"

પૉલને એકદમ **મોરન** યાદ આવ્યો. ભેદનું વાદલું ખુલું થયું. અને **પૉલના** ખુશ ચેહેરાપર નારીપાસીનું વાદલું છવાયું "હા છે એક એવો છે ખરો" તે ધીમેથી અચકીને બોલ્યો "અને મીસ **ઉનાહ** તમો તેને ચાહવો——"

"નહીં, નહીં; કદી નહીં, કદી નહીં, **પૉલ** તે મારી આગલ તમારૂં નામ ધારણ કરીને આવ્યો હતો. મારી સાથે તેને ઘણી મુલાકાતો થઇ હતી. પણ હું ચાહતી હતી નહીં. શા માટે તે મને સમજાતું નથી. તે મારી આગલથી જતો ત્યારે મને ખુશાલી લાગતી. પણ પેહેલી મહબ્બત પેહેલી ખુશાલી, પ્યારની પેહેલા મીઠી લાગણી તમો આવ્યા અને મને ભેટયા કે થઇ. **પૉલ**, મારા પ્યારા **પૉલ** તને હું ચાહું છું ને તારી નકલને ધીકારૂં છું."

બંધે આશક માશુક ભેટયાં, અને બંધેએ જોયું કે વખ્ત વીટી ગયું હતું.

પ્રકરણ ૯

સેવટ.

મુસકેલ થઇ આસાન ને દિલ વીત્યું,
દુ:ખ થયું દફે ને સુખ સહુ જીત્યું.
વચન હતું તેબી મજ હાથે ફીત્યું,
લગન થયાં સુભ ને વધન મીત્યું.
પીધી ઇંતેજારે ખુશ વસ્લની જામ,
સુકાયલા ચેહરા તે થયા ગુલફામ.

પેરીસમાં એક નાનો બંગલો સર્વ સંગારથી દીપતો અને રોશનીમાં જમકતો સુખ અને શાંતીનું ધામ નેકી ને નીતીનું મઠક મારા પ્યારા વાચનારે નજર સાંમે ધરવું.

આ બંગલાના આગલા ખુબસુરત હૉલમાં બે જણા બેઠેલાં હતાં. એકતો સીધી ભાઇ **જોઅ** અને બીજો તેનો જાની મીત્ર **પૅટ** બંધે ગપાં ચલાવતા હતા.

"કેવી સરસ તાલમેલ અને ગોઠવણથી મુજી **મોરને** બાજી રચી. હું જો ન્યાયધીસ હોવુંની તો ખચીત આ તેની હુશીયારીને માટે એને માફ કરી દેવું. શું એનું ભેજું વાહ!" **પૅટ** બોલ્યો. "ભેજુતો ખરું પણ કોહેલું ભેજું." **જોએ** જવાબ દીધો. "એનામાં અકલ હુશીયારી હતી ખરી, પણ તે કામે લગાડતાં બાપડાને આવડી નહીં. અકલ હુશીયારી હોય અને તેથી લુચાઇ, ચોટાઇ, ફંદ ફરેબ કરે તેના કરતાં મારા ને તારા જેવો કમઅકલ રહે તે વધારે સારું."

"પણ દોસ્ત **જોઅ**, એ બાબદ બની કેમ? **મોરને** પોતાની માને **ઉનાહ** આગલ ઠસાવી કેમ?"

"તુંને નહીં ખબર કે? મારી **ઉનાહે** કની તે પેરીસ આવવાને પોતાનો વીચાર જણાવ્યો. ત્યારે જડજ **મીકસ** વીચારમાં પડયો કે બચારી જવાન ને બીનઅનુભવી ત્યારે તેને માટે કોઇ સારી જેવી દાસી શોધી કહાડવી. એથી તેને વર્તમાન પત્રોમાં જાહેર ખબર છપાવી, કે કોઇ હુશીયારી ભણેલી શીખેલી ચંચલ ને ઉમરે પુગેલી ફ્રેન્ચ જાણનારી સ્ત્રી જોઇએ છે. **મોરન**તો **ઉનાહ**ની પછવાડેજ લાગેલો હતો તેને લાગલો **પેરીસ** તાર કીધો ને પોતાની માને બોલાવી મંગાવી. તેણીએ આ જગ્યા માંગી ને તેણીને મલી. એ રાંડ તે વેલાએ તો એવી દાહી દોસી દેખાતી હતી કે જાણે ભોલી ભટાક. એનામાંબી આટલા પાખંડ આપણે ન જાણ્યાં. પછી

મોરનને પોતાનું કાવત્રું ચલાવવાને ઠીક હથ્યાર મલ્યું." જોઅને તેટલાં કાંઇ યાદ આવ્યું "પણ હા જો પૅટ, હું તો તને પુછતો તે દહાડેના ભુલીજ ગયો. આપણા ઇન્ડીઅન બીલ પાસે ઉનાહ પર તેં સેન્ટરવીલમાં ચોઠી શું મોકલી હતી?"

"કઇ ચીઠી?" પૅટને યાદ આવ્યું નહીં.

"પેલા તેં બીલને કહેલું કે આ ચીઠી ઉનાહ જ્યારે સેન્ટર-વીલ પુગે ને ગાડામાંથી સહીસલામત ઉતરે ત્યારે હાથો હાથ આપી આવશે તો તુને રૂપાનું ઘડીઆલ આપશ તે?"

"તે ચીઠી હં! યાદ આવી." પૅટ બોલ્યો, "અરે તે ચીઠી જો ઉનાહને મલીજ હતે તો આટલો ગોટાલો નહીં વલતે."

"તે કેમ?" જોએ પુછ્યું.

"હું તુંને અલકસે કહું છું હં! કોઇને કહેતો ના. છુપુ રાખજે" પોતાની ખુરશી જોઅની આગલ ખેંચીને પૅટે કહ્યું "મેં મીસ ઉનાહની ચાલ ચલન પરથી તરત પારખ્યું કે તેવન આ પૅાલ સ્ટેનઝકીના પ્યારમાં હતાં. પણ બચારો પૅાલ તો આપણે સમજ્યાં કે મરી ગયો તેથી મેં એમ ધાર્યું કે ઉનાહ, મોરનને કોઇ દહાડે જોશે તો તેની તરફ પણ પ્યાર કરશે અને જાતે મોરનબી ખુબસુરત અને પૅાલના જેવાજ ચેહેરાનો તેની કદાચ ઉનાહ તેની ખુબસુરતી પર મોહી પડી પૅાલને નહીં તો તેના જેવાજ બીજાને પરણવાને ગનીમત સમજશે, એમ જાણી મેં ઇન્ડીઅન બીલને ચીઠી લખી આપી અને તેમાં ઉના-હને ચેતવણી આપી કે મોરન કેવો નીચ અને ખુની હતો. તથા તે પૅાલના દેખાવનો પણ પૅાલના જેવાં દીલનો ન હતો. હવે તે ચીઠી તો પેલા બીલે તેણીને પુગાડી નહીં તેથી તેણે તે ચીઠી મને પાછી લાવી આપી પણ મેંતો મારા વચન પ્રમાણે તેને ઘડીઆલતો આપ્યું હતું."

"હા તે ઘડીઆલ હજી તે વાપડે છે" જોઅ બોલ્યો.

"પણ જોઅ આપણો કાઉન્ટ બ્લૅકરેન્શીમાં ઘાહેલ હતો ત્યારે મીસ ઉનાહને પેલાં કાગજ્યાં સોંપ્યાં હતાં જે મોરનના અસબાબમાંથી મલી આવ્યાં હતાં તેમાં એવું તે શું હતું કે ઉનાહે તે પાછા મેલવવા આવડું મોટું ઇનામ છપાવ્યું હતું." પૅટે સવાલ કીધો.

"અરે યાર તેમાંનું કાંઇ નહીં રે" જોઅ હસી પડીને બોલ્યો "કાંઇ અસલની પોતાની જાગીરોના ખતપતરો તે તો હતાં. આ ખતપત્રો ઉનાહને સોંપ્યા કે તેની માને આપી આવે. હવે તે તો ચોરાઇ ગયાં. બચારી

ઉનાહ એમજ સમજી કે એમાં કાંઇ ઘણા અગતના દસતાવેજ હશે તેથી બચારીએ એમ ઇનામ છપાવ્યું. જો પેટ હું તને **પૅાલ**ની સંઘી હકીકત કહું. કાઉન્ટની માતાએ એને પોતાની બેનની છોકરી નામે **એલીસ** સાથે પરણુવા કહાડયો. **પૅાલે** તે વાત ના પાડી કે હું તેને ચાહી શકું નહીં. માટે હું પરણનાર નથી. તેની માતાએ તેને ઘણો સમજાવ્યો પણ માન્યું નહીં. હવે થયું એમ કે તે છોડી, **પૅાલ**ની માસીની છોકરી જે **પૅાલને** ઘણીજ ચાહતી હતી તેને બહુજ નાસીપાસી લાગી. તે બચારી માબાપ વનાની હતી. અને **પૅાલને** ઘરેજ રહેતી હતી તે બચારીએ તો નદીમાં નખાવી દીધું. અને પોતાના ઓરડામાં તે એક કાગજ મુકતી ગઇ, જેમાં તેણીએ જણાવ્યું હતું કે **પૅાલ**ના પ્યારમાં નાસીપાસ થવાથી તેણીએ નદીમાં નખાવી દીધું હતું. બચારીની તેની ઘણી શોધ કીધી પણ તેનું મુદડું હાથ લાગું નહીં. હવે **પૅાલ**ની મા અને બેન **પૅાલને** તાણા તપલા મારવા લાગાં કે તેને દુઃખે તે બચારીએ આ રસ્તો લીધો. પૅાલથી આ ખમાયું નહીં અને પોતાની જાગીરો, દેશ, ઘર, ગામ છોડી નીકલી પડયો અને આપણી સાથે **બ્લૅક રેન્શીમાં** જોડાયો, તે જયારે આપણી સાથે જોડાયો ત્યારે હું ને તું ને આપણા બીજા સાથીઓ એમજ સમજતા હતાં કે બાપડા **કાઉન્ટ પૅાલ સ્ટેનઝકી** પાસે પૈસા નથી તેથી તે જોડાવા માંગે છે. પણ તેમ કાંઇ હતું નહીં. તે ઘણો પૈસાવાલો હતો પણ આ ઘરની ખટપટને લીધે આમ દેશનીકાલ થયો હતો. **મોરન, પૅાલ**ની આ સંસારી વાત જાણતો હતો. હવે જે દહાડે **મોરને પૅાલને** ગોલી મારી તે દહાડે પૅાલે આપણને શું કહ્યું હતું તે તને યાદછે ?"

"હા છે યાદ" **પૅટ** બોલ્યો "એમ કહેતો હતો જે **મોરને** મને અપમાન કીધું તેથી———"

"હં! બરાબર. હવે એ **મોરને** શું અપમાન કીધું તે હું તને કેહવું. **મોરને** કહ્યું કે તે (પૅાલ) તો કોઇ પૈસાદાર પ્રીયા શોધતો હતો તેથી તેને પોતાની નીરધન મસીઆઇ બેન **એલીસ**ને પરણવા ના પાડયું. આથી પૅાલને ગુસ્સો લાગો અને મારા મારી થઇ અને તેથીજ **મોરને** પૅાલને ગોલી મારી હતી, સમજ્યો."

"હા હવે સમજ પડી" પૅટે એક લાંબો દમ ખેંચી કહ્યું "હું હંમેશ એમજ વીચાર કરતો કે આવો પૅાલ કોઇને કાંઇ કહે નહીં અને પોતાનું કોઇ ગમે તેવું નુકસાન કરે તેને એક વાંકો શબ્દ ઓચરે નહીં તેને શા સારૂં **મોરને** ફટકાવી કહાડયો હશે. પણ કેઠી આ મોહકાન થયલી."

"પણ બીજી વાત તને ખબર નહીં હશે" **જોએ** આગલ ચલાવ્યું

"આઠ દહાડાની વાત પર આપણા દોસ્ત **પૅાલ** પર તેની માતાનો કાગલ આવ્યો તેમાં તેણી લખે છે કે તેની બેનની દીકરી, તે **પૅાલ**ની માસીની છોકરી **એલીસ** જે નદીમાં પડીને મરી ગયલી બધા જાણતા હતા તે તો કેઠી જીવતી રહેલી"

"જીવતી રહેલી? વાહ! વાહ!" **પૅટ** હરખમાં આવીને કુદયો.

"તેતો નદીમાં પડી એ વાત ખરી પણ તેને કોઇ ખલાસી નામે **બૅન હેનીકે** બહાર કહાડી. તે બેસુદ્ધ થઇ ગયલી હતી. તેને તે ખલાસી પોતાને ઘરે લઇ ગયો અને **બૅન**ની માએ તેની સારવાર કરી તેને હુશીયાર કીધી. જ્યારે દશ પંદર દહાડે **એલીસ** તદન સાજી થઇ ત્યારે તેણે પોતાની સંધી વીગત કહી સંભલાવી. પેલો ખલાસી **પૅાલની** મા આગલ દોડયો. અને સંધી વાત કહી. **પૅાલની** માએ પોતાની ભાણજીને પાછી બોલાવી મંગાવી. આ વેલા **પૅાલ**તો નહાસીબી ગયલો. હવે વખત વહી જવા લાગો અને અંતે પેલા ખલાસી **બૅન હેનીકે** ઘણા આજીજીથી **એલીસ**ને પોતાની સાથે પરણવાની અરજ કીધી. **એલીસે** સાફ જવાબ દીધો કે **પૅાલ** પાછો મલે અને જો ફરી તેને પરણવાને ના પાડે તોજ તે તે **બૅનની** સાથે પરણે. હવે **પૅાલ**નો પત્ર તેની માને પુગો તેથી તેની મા, બેન, પેલી **એલીસ** અને **બૅન હેનીક** આપણી તરફ ઉપડી આવનાર છે ને જે વખત જાય છે તેમાં તેઓ આવશે."

"ત્યારે તો પૅાલના લગન પર તેઓ હાંજ..કેવી મહજા!" પૅટ કુદીને બોલ્યો.

પણ તેટલાં ઓરડાનું બારણું ઊઘડયું અને આપણો અસલી મીત્ર **ઇન્ડીઅન બીલ** દાખલ થયો. તે આ વેલા તદન ફેરવાઇ ગયલો હતો. ચેહેરામાં રંગરૂપમાં તેતો અસલીજ **બીલ** હતો પણ પોશાકમાં ખરેગાટ થઇ આવ્યો હતો. જાણે પૅરીસમાં વસ્તો એક વચલે વાંધેનો ગ્રહસ્થ. તેણે **મોરન**ને પકડી કહાડયો હતો. મહીનાઓ સુધી ખંત અને મેહેનત લઇ અંતે પોતાની મુરાદ પાર પાડી **મોરન**ને પકડી બેવડું ઇનામ મેલવ્યુ હતું તથા **મોરન**ના સરસામાનમાંથી પેલા પૅાલે **ઉનાહુ**ને સોંપેલાં કાગજો શોધી કહાડી **ઉનાહુ**ને તે દેખાડી મોટું ઇનામ પામ્યો હતો. તેને પૅરીસ હવે બહુજ પસંદ પડયું હતું અને થોડા વખતમાં પોતાની બૈરી તથા છોકરાંને અમેરીકાથી તેડાવી ત્યાંજ રહેવાનો તેનો ઠેડાવ હતો. હમણા તેની પાસે એટલી પુંજી હતી કે તેનાં વ્યાજમાંથી પૅરીસમાં પોતાની બૈરી છોકરાં સાથે આબરૂમાં કર કસરથી રહી શકે.

તે જેવો ઓરડામાં આવ્યો તેવા તેના બંધે મીત્રોએ તેને આવકાર દીધો પછી પૅટે પુછયું "કેમ બીલ શું ખબર?"

"હા, ખબર ખુશ છે" તે હંમેશ પ્રમાણે ભોલાં દીલથી બોલ્યો "મોરનને આજે બચારાને ફાંસી દીધો. તેની માને જન્મ દેશ નીકાલની ટેપ મલી હતી પણ **ઉનાહ** અને પૅાલની અરજ અને ભલામણથી ત્રણ વરસની ટેપ મલી. પણ તમને કાંઇ ખબર કે? **મોરનને** પકડી કહાડવા માટે મને બેવડું ઇનામ તો મલ્યું. એકતો પેલા બચારા **મીલર**ના ખુન માટેનું અને બીજું **પૅાલ** માટેનું વલી. **ઉનાહ**ના કાગજ્યાંનું ઇનામ મલ્યું તે જુદુ પણ એક બીજું ઉપરથી મલ્યું."

"તે શું? તે શું?" બંધે એકી વખતે પુછયું.

"આપણા બાઇ **ઉનાહ**ની સાવકી માને કોઇએ મારી નદીમાં ફેંકી દીધેલી તેનો ખુની પકડાયો નહીં. તેથી તેને માટે ઇનામ જાહેર થયું હતું. પણ **મોરને** ફાંસી જતી વેલાએ એકરાર કીધો કે તેનેજ **લીઝનું** પણ ખુન કીધેલું એટલે તે ઇનામબી મનેજ મલ્યું" તે તાલી પાડી બોલ્યો "જુઓ દોસ્તો એતો તમારો વા મને ઉડયો. તમોએ સોનાની ખાંન શોધી કહાડી અને તે વેચી નાખી ત્રણ ત્રણ લાખ દોલરના દરેક જણા ધણી થયાં. અને હુંજ બચારો ગરીબ **બીલ** એવો રહી જાતું તો પછી તમારી દોસ્તી કેમ રખાય? તમો મોટા ને હું નાનો. તેથી ખુદાએ મારી તરફ જોયું અને આ આપ્યું તે હવે સંતોષથી સુગર કરીને ખાવશ ને ખરચશ."

ત્રણે જણાએ ખુશાલીમાં દારૂની જામો ઉઠાવીને રંગીલા થઇ ગીતો ગાઇ ધુમ મચાવી મુકી.

આ બનાવ પછી આઠમે દહાડે પેરીશના મોટાં દેવલમાં બે લગનની ધામધુમ ગાજી રહી. એકતો આપણી આ વાર્તાની નાયક **ઉનાહ** અને **પૅાલ**ના અને બીજાં **એલોસ** અને **બૅન**ના.

આ લગનમાં મોટી ખુશાલી લેનારા ઘણાં હતાં. જડજ મીકસ અને તેની બાનું, પૅાલની મા અને બેન, જૉઅ, પૅટ અને આપણો મીત્ર ઇન્ડીઅન **બીલ**.

સમાપ્ત.

જ્ઞાનવર્ધક.